- દારુણ ગરીબીમાં જીવતો જીવલો ખાનદાનીમાં ગરીબ નથી, એ બાબત ઉપસાવવામાં લેખક સફળ રહ્યા છે તે નીચેનાં વાક્યોથી સમજાયું હશેઃ

  ''હાઉકારના પોયરાંને આપદા ની પડવી જોઈએ.''

  ''પોયરા, ભૂખો તો ની જ જવા દેમ.''

- લેખકે રજૂઆતને અસરકારક બનાવવા વાપરેલ દ્વિરુક્ત પ્રયોગ જુઓ અને એવા અન્ય પ્રયોગ પાઠમાંથી તારવો.... ભણવાગણવાની, કામકાજ...

## શિક્ષકની ભૂમિકા

ગરીબ લોકો શાહુકાર પાસેથી પૈસા ઉધાર લે છે. મજબૂરીને કારણે કરેલું આ દેવું મૂડી કરતાં વ્યાજની ચુકવણી વધુ કરાવે.વધારાની જે ચુકવણી થતી હોય તેની તો ચોપડે નોંધ પણ લેવાતી નથી. અંતરિયાળ વિસ્તારોમાં આજે પણ આવું બનતું હોય છે. આ શોષણ અયોગ્ય, અન્યાયી અને અનુચિત છે તે વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા.

પોતાને મળતા અયોગ્ય લાભને તરછોડીને લેખક હિસાબના લાલ ચોપડા ફાડી નાખી ચોપડાની ઈન્દ્રજાળમાંથી જીવલાને મુક્ત કરે છે તે વિશે સ્પષ્ટતા કરવી.

મોટેભાગે ગરીબ વધુ ગરીબ અને ધનિક વધુ ધનવાન બનતો જોવા મળે છે. આ ખાઈ દૂર કરવા આપણે એકબીજાની મજબૂરીનો લાભ ન ઉઠાવવો જોઈએ. આપણે એકબીજાને મદદરૂપ થવું, બીજાને છેતરવાની વૃત્તિથી દૂર રહેવું, અન્યાય ન કરવો, શોષણ ન કરવું, માનવતાભર્યું વર્તન કરવું. આવી ભાવના કેળવાય તે ખૂબ જરૂરી છે તેથી વિદ્યાર્થીઓમાં આવા ગુણો વિકસે તે માટે માર્ગદર્શન આપવું.

'सर्वे भवन्तु सुखीनः सर्वे सन्तु निरामयाः' ।

'હું માનવી માનવ થાઉં તો ઘણું' જેવા સંદર્ભો વડે શિક્ષણકાર્યને રસપ્રદ અને સમૃદ્ધ બનાવવું.

•

# વ્યાકરણ

## એકમ 3 | વાક્યપ્રકારઃ કર્તરિ, કર્મણિ, ભાવે, પ્રેરક; વાકયરૂપાંતર

### વાક્યપ્રકાર

અ) માળીથી કૂંડું તૂટ્યું.

બ) માળીએ કૂંડું તોડ્યું.

મિત્રો, આ બે વાક્યોમાં શો તફાવત છે? આપણે પરિસ્થિતિ વિચારી જોઈએ...

અ) આ કૂંડું કોણે તોડ્યું?

માળીએ.

ના, મેં નથી તોડ્યું. ખૂરપી લાગી એટલે... તૂટી ગયું...

બ) આ કૂંડું કોણે તોડ્યું?

માળીએ.

એ તો સાહેબ, હવે છોડ ક્યારામાં નાંખવાનો છે ને એટલે તોડ્યું.

શો તફાવત છે, આ બે પરિસ્થિતિમાં? સહેજ ધ્યાનથી, ફરીથી વાંચો. સંવાદ અ)માં માળી કહે છે કે 'મેં નથી તોડ્યું, તૂટી ગયું' આનો અર્થ શો? પહેલી વાર પુછાયું ત્યારે માળી પાસે એનો જવાબ નથી. જ્યારે બીજી વાર પુછાયું ત્યારે માળી પાસે જવાબ છે. કારણકે એની પાસે કૂંડું તોડવાનું પ્રયોજન છે. અર્થાત્ સંવાદ અ)માં માળી પોતાનું કર્તૃત્વ નથી સ્વીકારતો અને સંવાદ બ)માં માળી પોતાનું કર્તૃત્વ સ્વીકારે છે. તમે યાદ કરો, ભૂતકાળમાં તમે આવી રીતે કર્તૃત્વનો અસ્વીકાર કર્યો છે? 'મારાથી ફાટી ગયું', 'મારાથી ધક્કો લાગ્યો એટલે એ પડી ગયો, પણ હું સાચું કહું છું કે મેં ધક્કો નથી માર્યો.' 'મારાથી બોલાઈ ગયું.'... યાદ આવે છે? તમે જ્યારે કહો છો કે 'મારાથી ધક્કો લાગ્યો - મેં ધક્કો નથી માર્યો.' ત્યારે તમે કહેવા માંગો છો કે એવું કરવાનો તમારો કોઈ ઈરાદો નથી. એટલે કે દેખીતી રીતે ક્રિયા - ઘટના સરખા જ લાગતા હોય, પણ તમારી પાસે એ ક્રિયા કરવાનું પ્રયોજન ન હોય, તમારો એ ક્રિયા કરવાનો ઈરાદો ન હોય તો તમે તમારું કર્તૃત્વ સ્વીકારતા નથી. બસ, આ જ બધી બાબતોને આધારે કર્તા ઓળખી શકાય. તો કર્તાને કેવી રીતે ઓળખવો. ચાલો, નીચેનાં વાક્ય વાંચો. તમારી ભાષક તરીકેની સૂઝ તમને કહેશે કે આ વાક્યમાં કોઈ કર્તા છે કે નહીં.

1. કાલે રજા છે.
2. ભેંસને બે શિંગડાં હોય છે.
3. સુનીલ નિબંધ લખે છે.
4. સૂરજ ઊગે છે.

તમે બાળપણથી ગુજરાતી ભાષા બોલો છો. તમારી ભાષક તરીકેની સૂઝ શું કહે છે? શું ઉપરનાં વાક્યોમાં રજા, શિંગડાં, સુનીલ કે સૂરજ - કર્તા છે? એક સામાન્ય માન્યતા છે કે ક્રિયા કરે તે કર્તા. વાક્ય 1 અને 2 માં માત્ર કોઈ સ્થિતિનું નિરૂપણ છે. તેમાં કોઈ ક્રિયાનો નિર્દેશ નથી, તેથી તેમાં કોઈ 'કરનાર'નો પણ નિર્દેશ નથી. એટલે કે તેમાં કોઈ કર્તા નથી. વાક્ય 3માં 'લખવા'ની વાત છે. તેમાં 'સુનીલ'નો ઉલ્લેખ છે. વાક્ય 4માં 'ઊગવા'ની વાત છે. તેમાં 'સૂરજ'નો ઉલ્લેખ છે. અહીં કેવી રીતે નક્કી કરવું કે 'સુનીલ' તથા 'સૂરજ' - એ કર્તા છે કે નહીં? આ માટે કર્તાનાં લક્ષણો જોઈએઃ

કર્તાઃ

- એ ચેતન પદાર્થ હોય,
- ક્રિયા પર જેનું નિયંત્રણ હોય,
- જેની ઈચ્છા કે હેતુથી ક્રિયા અસ્તિત્વમાં આવે.
- ક્રિયા માટે જેની જવાબદારી હોય.

જ્યારે 'સુનીલ નિબંધ લખે છે' કહેવાયું ત્યારે 'સુનીલ' ચૈતન્ય ધરાવે છે, 'લખવા'ની ક્રિયા પર તેનું નિયંત્રણ છે. તે કોઈ કારણસર નિબંધ લખી રહ્યો છે. અને તેણે કયો અને કેવો નિબંધ લખ્યો છે - સંદર્ભે તેની જવાબદારી છે. તેથી 'લખવા'ની ક્રિયા સંદર્ભે 'સુનીલ' કર્તા છે.

હવે, ચોથું વાક્ય જોઈએ. 'સૂરજ ઊગે છે.' - શું 'સૂરજ' ચૈતન્ય ધરાવે છે? વહેલા ઊગવું કે મોડા ઊગવા પર સૂરજનું નિયંત્રણ છે? ઊગવા માટે સૂરજ પાસે કોઈ હેતુ છે? તમે કહેશો કે એવું તો કઈ રીતે બને? સૂરજ તો ઊગે છે, એ તો કુદરતી બાબત છે. તમે વહેલા કે મોડા ઊઠવાનું નક્કી કરી શકો. પણ સૂરજ કાંઈ વહેલો કે મોડો ઊગવાનું નક્કી કરી શકે? એમાં સૂરજની કોઈ ઇચ્છા કે હેતુ હોતો નથી કે નથી હોતું સૂરજનું કોઈ નિયંત્રણ. તેથી સૂરજ એ કર્તા નથી. એટલે કે 'સૂરજ ઊગવો' એ કુદરતી પ્રક્રિયા છે. અને પ્રક્રિયામાં કોઈ કર્તા હોતો નથી. પ્રક્રિયાનાં અન્ય વાક્ય જોશો એટલે ખ્યાલ આવશે કે આમાં કોઈનું નિયંત્રણ હોતું નથી કે નથી કોઈની જવાબદારી હોતી.

1) વાવાઝોડાને કારણે ચાર ઝાડ મૂળમાંથી ઊખડી પડ્યાં.

2) પવનથી ડાળીઓ હલે છે.

3) કાલે અહીં ખૂબ મોગરા ખીલશે.

તમે જોઈ શકો છો કે 'ઊખડી પડવા' પર 'ઝાડ'નું, 'હલવા' પર 'ડાળી'નું કે 'ખીલવા' પર 'મોગરા'નું કોઈ નિયંત્રણ નથી કે નથી એમ કરવા માટે 'ઝાડ, ડાળીઓ, મોગરા' -નું કોઈ પ્રયોજન. અર્થાત્ 'ઊખડી પડવું, હલવું, ખીલવું' - એ પ્રક્રિયાઓ છે. અને 'ઝાડ, ડાળીઓ, મોગરા' તેનાં કર્મ છે, ઉદ્દેશ છે, પણ કર્તા નથી.

આવવું, જવું, લખવું, વાંચવું, ખાવું, વગેરે પર કોઈનું નિયંત્રણ હોય છે, કોઈની જવાબદારી હોય છે. તેથી આ ક્રિયાઓ છે. જેમ કે, તમને પેટમાં દુઃખે તો મમ્મી તરત પૂછે બહાર કાંઈ ખાધું હતું? શું ખાધું, ક્યાં ખાધું, કેટલું ખાધું - આ બધાનાં તમારે જવાબ આપવા પડે. જેનું નિયંત્રણ હોય, જેની જવાબદારી હોય તે કર્તા કહેવાય. અને જેમાં કર્તા હોય તે કર્તરિ વાક્ય કહેવાય.

તમે સ્થિતિ, ક્રિયા અને પ્રક્રિયા બરાબર સમજ્યાં? જો એ સ્પષ્ટ હશે તો આગળની વાત સમજાશે. ચાલો, એક કામ કરીએ. નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે. તેમાંથી સ્થિતિ, ક્રિયા અને પ્રક્રિયા દર્શાવતાં વાક્યો છૂટાં પાડો.

1. નદીમાં પૂર આવ્યું.
2. કાગડો ઊડ્યો.
3. માળામાં કાગડીનાં બચ્ચાં છે.
4. ટેબલ પર નોટ અને ચોપડી નથી.
5. બસ પાણીમાં પડી.
6. છોકરો પાણીમાં કૂદ્યો.

જે માત્ર કોઈ પરિસ્થિતિ દર્શાવે છે તે 'સ્થિતિ'; જેમાં નિયંત્રણ, જવાબદારી આદિ ધરાવનારું કોઈ નથી, સહજ રીતે થાય છે તે 'પ્રક્રિયા' અને જેમાં કોઈ ચેતનતત્ત્વ નિયંત્રણ, જવાબદારી આદિ ધરાવે છે તે 'ક્રિયા'. સમજાય છે? વાક્યો છૂટાં પાડ્યાં? ચાલો, નીચે આ વાક્યો છૂટાં પાડ્યાં છે. તેની સાથે તમારા જવાબ મેળવો.

| **સ્થિતિ** | **પ્રક્રિયા** | **ક્રિયા** |
|---|---|---|
| ટેબલ પર નોટ અને ચોપડી નથી. | નદીમાં પૂર આવ્યું. | છોકરો પાણીમાં કૂદ્યો. |
| માળામાં કાગડીનાં બચ્ચાં છે. | બસ પાણીમાં પડી. | કાગડો ઊડ્યો. |

ઉપરનાં વાક્યોમાં તમે જોઈ શકો છો કે 'કશુંક હોવું કે ન હોવું' - તે સ્થિતિનો નિર્દેશ કરે છે. 'પૂર આવવા' પર કોઈનું નિયંત્રણ નથી. તે કુદરતી પ્રક્રિયા છે. 'બસ' પર કોઇનું નિયંત્રણ હોત તો તે પાણીમાં ન પડત. પણ 'પાણીમાં કૂદવા' સંદર્ભે છોકરાનું નિયંત્રણ છે. તે તરવા માટે અથવા અન્ય કોઈ કારણસર પાણીમાં કૂદ્યો છે. 'ઊડવા' પર 'કાગડા'નું નિયંત્રણ છે. તે ઇચ્છશે ત્યારે કોઈ ડાળી પર બેસી જશે.

મિત્રો, તમને સ્થિતિ, ક્રિયા અને પ્રક્રિયા વચ્ચેના ભેદની સમજણ હોવી જરૂરી છે. કારણ કે જે વાક્ય ક્રિયા હોય તેમાં જ કર્તા હોય. કર્તા હોય તે જ વાક્ય કર્તરિ હોય શકે. અને કર્તરિ હોય તે જ વાક્ય કર્મણિ, ભાવે કે પ્રેરકમાં રૂપાંતર પામી શકે. સ્થિતિ કે પ્રક્રિયા દર્શાવતા વાક્યો કર્મણિ કે ભાવેમાં રૂપાંતર ન પામી શકે. એટલે કે 'માળામાં કાગડીનાં બચ્ચાંથી હોવાય છે.' જેવું વાક્ય સંભવી શકે નહીં. તમને યાદ આવે છે કે તમે ક્યારેય 'કાલે રજાથી હોવાશે', 'ભેંસને બે શિંગડાથી હોવાય છે' જેવાં વાક્યો ક્યારેય બોલ્યા હોવ? કે પછી 'ઝાડથી પડાયું', 'ફૂલથી ખિલાશે' - જેવાં વાક્યો બોલો છો? - આ વાક્યો તમને બિનગુજરાતી લાગશે. માત્ર કર્તરિ - ક્રિયા ધરાવતા વાક્યમાં જ તમને આવી વાક્યરચના યોગ્ય લાગશે. - 'સુનીલથી નિબંધ લખાય છે.' 'કાગડાથી ઉડાશે.'

કર્તા ધરાવે તે વાક્યરચના કર્તરિ વાક્યરચના કહેવાય છે. હવે નીચેનાં બે જૂથમાં વહેંચેલાં વાક્યો વાંચો અને તેમની

વચ્ચેનો તફાવત સમજો.

| અ | બ |
|---|---|
| મોહનકાકા ચાલે છે. | મોહનકાકાથી હવે ચલાય છે. |
| દીદીએ સાડી ફાડી. | દીદીથી સાડી ફાટી. |
| મુન્નો ખીચડી ખાય છે. | મુન્નાથી ખીચડી ખવાય છે. |
| અજયે ચા ઢોળી. | અજયથી ચા ઢોળાઈ. |

દેખીતી રીતે તમને ખ્યાલ આવશે કે વિભાગ (બ) નાં વાક્યોમાં '-થી' પ્રત્યય લગાવ્યો છે. તમે બન્ને જૂથનાં વાક્યો ફરીથી વાંચો અને આ રીતે કહેવાથી વાતના અર્થમાં શો ફેર પડ્યો તે સમજવાની કોશિશ કરો. જેમ કે, 'મોહનકાકા ચાલે છે'માં સામાન્ય ક્રિયાનું નિરૂપણ છે. પરંતુ જ્યારે 'મોહનકાકાથી ચલાય છે' એમ કહેવાયું ત્યારે ત્યાં એવું સૂચવાયું છે કે મોહનકાકાને કોઈ તકલીફ હતી. પણ હવે એમાં રાહત છે અને હવે તે ફરીથી, ધીમે ધીમે 'ચાલવાની ક્ષમતા' ધરાવે છે. એ જ રીતે વાક્ય ૩માં જ્યારે 'મુન્નાથી ખીચડી ખવાય છે' કહેવાય ત્યારે મુન્નો નાનો છે અને ખાતાં આવડ્યું છે અથવા મુન્નો બીમાર હતો અને હવે તેનામાં ખીચડી ખાવા જેટલી ક્ષમતા આવી છે... વગેરે જેવા સંદર્ભે સમજાય છે.

તો વાક્ય 2 અને 4 જુઓ. તેમાં 'કર્તાનો ઇરાદો' સ્પષ્ટ થાય છે. વિભાગ 'અ'માં 'દીદીએ સાડી ફાડી.' કહેવાય છે ત્યારે સમજાય છે કે સાડી ઘસાઈ ગઈ છે કે હવે નથી પહેરાતી તેથી તેનો અન્યત્ર ઉપયોગ કરવાનો છે તેથી 'સાડી ફાડી.' કે ચા સારી નહોતી બની, ચામાં કચરો હતો... જેવાં કારણોસર અજયે 'ચા ઢોળી.' પણ વિભાગ - (બ)માં 'સાડી ફાટે' તે માટે દીદીનો કોઈ પ્રયત્ન કે ઇરાદો નથી કે નથી 'ચા ઢોળવા' માટે અજયનો. સાડી કશેક ભરાઈ, ખેંચાઈ અને ફાટી - અજાણતાં અને ઇરાદો તો બિલકુલ નહીં. એ જ રીતે અજયથી 'ચા ઢોળાઈ' એટલે કાં તો હાથ લાગ્યો અથવા ધ્યાન નહોતું... જેવાં કારણોસર અજાણતાં 'ચા ઢોળાઈ' છે.

ટૂંકમાં સમજીએ તો વિભાગ-'અ'નાં વાક્યોમાં કર્તા છે. તેઓ જાણીજોઈને, ઇરાદાપૂર્વક, જવાબદારીપૂર્વક કોઈ ક્રિયા કરી રહ્યા છે. જ્યારે વિભાગ 'બ'માં કર્તા નથી. કારણ કે તેઓ જાણીજોઈને, ઇરાદાપૂર્વક કશું કરી રહ્યાં નથી, તેમનું કર્તૃત્વ નથી, તેવો નિર્દેશ છે. તેમાં તેમની ક્ષમતા આદિ બાબતોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

વિભાગ 'અ' અને 'બ'ની વાક્યરચનામાં બે તફાવત જોવા મળશે. 1) કર્તાને '-થી' પ્રત્યય લાગે છે અને 2) ધાતુનું - ક્રિયાપદનું રૂપ બદલાય છે અથવા તેમાં '-આ' પ્રત્યય ઉમેરાય છે. જેમ કે, 'ફાડવું' 'ફાટવું'માં રૂપ બદલાયું છે તો 'ચાલ' 'ચલા', 'ખા' 'ખવા', 'ઢોળ' 'ઢોળા'-માં '-આ' લાગ્યા બાદ કાળ, અવસ્થા, લિંગ, વચન આદિ અન્ય પ્રત્યયો લાગે છે.

ગુજરાતી ક્રિયાત્મક વાક્યરચનાનાં મુખ્ય ત્રણ ઘટક છે. કર્તા, કર્મ અને ક્રિયાપદ. જો કર્તાનું મહત્ત્વ હોય તો તેને કર્તરિ વાક્યરચના કહેવાય છે. પણ જો કર્તાનું મહત્ત્વ ઘટાડવામાં આવે તો? એટલે કે 'દીદીથી સાડી ફાટી.' કહેવામાં આવે ત્યારે 'દીદી' કર્તાનાં લક્ષણો ધરાવતી નથી. તે ચેતન છે. પણ એ ક્રિયા પર તેનું નિયંત્રણ નથી, તે કરવા માટે તેનું કોઈ પ્રયોજન નથી, ઇરાદો નથી અને તેની જવાબદારી પણ નથી. તેથી 'દીદી'નું કર્તા તરીકેનું મહત્ત્વ રહેતું નથી.

જો વાક્યમાં કર્તાનું મહત્ત્વ ઘટે તો કર્મનું મહત્ત્વ દેખાય. પણ તમને ખબર છે કે ગુજરાતી ભાષામાં બે પ્રકારનાં ક્રિયાપદો છેઃ સકર્મક અને અકર્મક. સકર્મક ધાતુમાં તો કર્મ હોય તો કર્મનું મહત્ત્વ દેખાય પણ અકર્મકમાં તો કર્મ જ નથી હોતું. તો શેનું મહત્ત્વ દેખાય?

આગળ અભ્યાસ કર્યો છે, પરંતુ અહીં ફરીથી જોઈ લઈએ કે કર્મ એટલે કર્તાની ક્રિયા જેને આધારે દેખાય, કર્તાની ક્રિયાનું પરિણામ જેનામાં દેખાય, ક્રિયા થતાં અથવા પત્યા પછી જે પદાર્થમાં ફેરફાર દેખાય તે કર્મ. જેમ કે, 'લેવું', 'મૂકવું' વગેરે ક્રિયા જે પદાર્થના આધારે દેખાય તે; નોટ, પેન, ચોપડી કે વસ્તુ - તેનું કર્મ. અથવા 'વાંચવું', 'સાંભળવું' વગેરે જે વસ્તુઓને આધારે થાય તે; 'જવાબ', 'ગીત' વગેરે તે ક્રિયાઓનું કર્મ. 'દોરવું', 'દળવું' વગેરેમાં ચિત્ર, લોટ આદિ ક્રિયા પછી દેખાય તે વસ્તુ એટલે તે ક્રિયાઓનું કર્મ. જે ધાતુઓ કર્મ ધરાવી શકે તે સકર્મક અને જે ધાતુઓ કર્મ ન લઈ શકે તે અકર્મક ધાતુઓ.

નોંધઃ સકર્મક અને અકર્મક વાક્યપ્રયોગને આધારે નક્કી ન થાય, તે ખાસ ધ્યાન રાખશો, અર્થાત્,

(અ) મોહને આજે ખાધું નથી.

(બ) મોહને આજે લાડવો ખાધો નથી.

અહીં વાક્ય (અ)માં કર્મનો ઉલ્લેખ નથી અને બ)માં કર્મનો ઉલ્લેખ છે. તેથી વાક્ય અ)ને અકર્મક કહી શકાય નહીં. સકર્મક એટલે જે ધાતુના મુખ્ય ઘટકોમાં 'કર્મ'નો સમાવેશ થાય છે તે અને અકર્મક એટલે જે ધાતુના ઘટકોમાં 'કર્મ'ની શક્યતા જ નથી તે જેમ કે, 'ચાલવું', 'દોડવું', 'બેસવું' -માં માત્ર કર્તા જ મુખ્ય ઘટક છે. સ્થાન, સમય આદિ ગૌણ ઘટકો ઉમેરાઈ શકે

પણ કર્મ તો ન જ ઉમેરાઈ શકે. તેથી તે અકર્મક છે.

શબ્દકોશમાં માત્ર મૂળ ધાતુ (ક્રિયાપદ) જ લખાતું હોય છે અને તેની સાથે સકર્મક કે અકર્મકનો ઉલ્લેખ હોય છે, તે જોજો.

નીચે કેટલાંક સકર્મક અને અકર્મક ધાતુ આપ્યાં છે. તમે તેનાં કર્મ વિચારી જુઓ.

સકર્મકઃ ખોદવું, શોધવું, પૂછવું, ખાવું, પીવું, નાખવું, પકડવું, તોડવું, બાંધવું, લેવું વગેરે

અકર્મકઃ આવવું, જવું, ઊંઘવું, સૂવું, બેસવું, ઊઠવું, તરવું, હસવું, રડવું, રહેવું, ડરવું વગેરે

નીચેનાં વાક્યોના ધાતુ સકર્મક છે કે અકર્મક તે વિચારો અને જણાવો.

1) તમે બજારમાંથી શું લાવશો?

2) મનન હોસ્ટેલમાં રહે છે.

3) સાહેબ ઊભા થયા.

4) કબૂતર આખો દિવસ ચણ્યા કરે છે.

અહીં ચારમાંથી એક પણ વાક્યમાં કર્મનો નિર્દેશ કરેલો નથી. તેથી સહેજ ધ્યાનથી વાંચીને ઉત્તર આપજો. ચાલો, ઉત્તર જોઈએ. 1. સકર્મક, 2. અકર્મક, 3. અકર્મક, 4. સકર્મક. હવે, તમને સકર્મક અને અકર્મક ધાતુ વચ્ચેનો ભેદ સમજાઈ ગયો હશે.

તમે કર્તરિ વાક્યરચના વિશે સમજ્યા, તમે સકર્મક અને અકર્મક વિશે સમજ્યા. એટલે કર્મણિ અને ભાવે પ્રયોગ તરત સમજાઈ જશે.

**કર્મણિ પ્રયોગ - ભાવે પ્રયોગઃ**

'ક્રિયા' પ્રકારના વાક્યમાં 'કર્તા' સૌથી મહત્ત્વનો ઘટક હોય છે. તેથી તે વાક્યરચનાને કર્તરિ વાક્યરચના કહે છે. પણ કોઈક કારણસર વક્તા કર્તાનું મહત્ત્વ ઘટાડે તો? એવે વખતે જો સકર્મક ધાતુ હોય તો 'કર્તા' પછી 'કર્મ'નું મહત્ત્વ દેખાય છે. ત્યારે જે વાક્યરચના થાય તેને 'કર્મણિ' વાક્યરચના કહે છે. જેમ કે, 'દીદીથી સાડી ફાટી.' તે જ રીતે જો અકર્મક ધાતુ હોય અને કર્તાનું મહત્ત્વ ઘટે તો? એમાં તો કર્મ પણ હોતું નથી. આવી વાક્યચરનાને 'ભાવે' વાક્યરચના કહેવાય છે. જેમ કે, 'મોહનકાકાથી હવે ચલાય છે.'

નીચેનાં વાક્યો વાંચોઃ

<u>કર્મણિ પ્રયોગઃ</u>

ગુજરાતી ભાષામાં કર્મણિ પ્રયોગના બે પ્રત્યયો છેઃ

1. -અ - લખ - લખા (લખાય, લખાશે, લખાતું...)
2. -વા+માં+ આવ - લખ - લખવામાં આવ-

| ક્રમ | કર્તરિ પ્રયોગ - સકર્મક ધાતુ | કર્મણિ પ્રયોગ ('-આ' પ્રત્યય) |
|---|---|---|
| 1. | રમેશે ચાની આદત છોડી. | રમેશથી ચાની આદત છૂટી. |
| 2. | પોલીસે ચોરને પકડ્યો. | પોલીસથી ચોર પકડાયો. |
| 3. | બા માથું ઓળે છે. | બાથી માથું ઓળાય છે. |
| 4. | રોહને આબેહૂબ એવું જ ચિત્ર દોર્યું. | રોહનથી આબેહૂબ એવું જ ચિત્ર દોરાયું. |
| 5. | મુન્નો દવા પીશે. | મુન્નાથી દવા પીવાશે |

પહેલો પ્રયોગ તમે જોયો. ચાલો, બીજો પ્રયોગ જોઈએઃ

| ક્રમ | કર્તરિ પ્રયોગ - સકર્મક ધાતુ | કર્મણિ પ્રયોગ (-વા+માં+ આવ) |
|---|---|---|
| 1. | આચાર્યએ વિદ્યાર્થીઓને પ્રવાસ અંગે જણાવ્યું. | આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને પ્રવાસ અંગે જણાવવામાં આવ્યું. |
| 2. | એક જમાનામાં કોઈ માંદું પડે તો દાક્તરને સજા કરતા. | એક જમાનામાં કોઈ માંદું પડે તો દાક્તરને સજા કરવામાં આવતી. |
| 3. | મુંબઈની ટ્રેનમાં ભજનમંડળી ધૂમ મચાવે છે. | મુંબઈની ટ્રેનમાં ભજનમંડળી દ્વારા ધૂમ મચાવવામાં આવે છે. |
| 4. | મહંતે ડંકર્કને સ્તંભ સાથે બાંધ્યો. | મહંત દ્વારા ડંકર્કને સ્તંભ સાથે બાંધવામાં આવ્યો. |

| | | |
|---|---|---|
| 5. | બાપુના ગુજરી ગયા પછી બા મને ઉઘરાણીએ મોકલે. | બાપુના ગુજરી ગયા પછી બા દ્વારા મને ઉઘરાણીએ મોકલવામાં આવતો. |

અહીં તમે જોઈ શકો છો કે કર્મણિ પ્રયોગ દ્વારા શક્યાર્થ, ઈચ્છાર્થ, ક્ષમતા, ઔચિત્ય આદિ દર્શાવવા માટે કર્તાનું ગૌણત્વ અને કર્મનું પ્રધાનત્વ દર્શાવાયું છે.

ભાવે પ્રયોગ:

હવે નીચેનાં વાક્યો વાંચો:

| **ક્રમ** | **કર્તરિ પ્રયોગ - અકર્મક ધાતુ** | **ભાવે પ્રયોગ** |
|---|---|---|
| 1. | ટ્રાફિકના કારણે અમે મોડાં આવ્યાં. | ટ્રાફિકના કારણે અમારાથી મોડું અવાયું. |
| 2. | જતીન પાંચ ફૂટ લાંબો કૂદકો મારે. | જતીનથી પાંચ ફૂટ લાંબો કૂદકો મરાય. |
| 3. | તમે વડીલો સામે ઊંચા અવાજે ન બોલો. | તમારાથી વડીલો સામે ઊંચા અવાજે ન બોલાય. |
| 4. | સંકુલમાં જ છાત્રાલયની વ્યવસ્થા છે. પણ રમેશ કુટુંબથી દૂર નહીં રહે. | સંકુલમાં જ છાત્રાલયની વ્યવસ્થા છે. પણ રમેશથી કુટુંબથી દૂર નહીં રહેવાય. |
| 5. | દાદા ઠંડા પાણીએ નહાય છે. | દાદાથી ઠંડા પાણીએ નહવાય છે. |

આ વાક્યોમાં અકર્મક ધાતુ પ્રયોજાયેલું છે. તેથી ભાવે પ્રયોગમાં કર્તાના ગૌણત્વ દ્વારા શક્યાર્થ, ઈચ્છાર્થ, ઔચિત્ય, ક્ષમતા આદિનો નિર્દેશ થયો છે.

નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો. ખોટાં હોય તો સુધારીને ફરીથી લખો.

1. 'જાગવું' એ સકર્મક ધાતુ છે.
2. 'છુપાવવું' એ સકર્મક ધાતુ છે.
3. પટાવાળો બારીઓ ખોલશે. - એ કર્તરિ પ્રયોગ છે.
4. ગૌરીથી બારી ખૂલી નહીં. - એ ભાવે પ્રયોગ છે.
5. મીનાબહેનથી ઝીણું ભરત ભરાય છે. - એ કર્મણિ પ્રયોગ છે..

જો સકર્મક - અકર્મક ધાતુની સ્પષ્ટતા હશે તો જ આના ઉત્તરો આવડશે. પ્રયત્ન કર્યો?

ચાલો, ઉત્તર જોઈએ.

1. ખોટું. 'જાગવું' એ અકર્મક ધાતુ છે.
2. ખરું.
3. ખરું.
4. ખોટું. 'ખોલવું' સકર્મક ધાતુ છે. તેથી 'ગૌરીથી બારી  ખૂલી નહીં' - એ કર્મણિ પ્રયોગ છે.
5. ખરું.

હવે તમને કર્મણિ અને ભાવે પ્રયોગ વચ્ચેનો ભેદ સમજાયો હશે. હવે આપણે પ્રેરક વાક્યરચના જોઈએ.

**પ્રેરક વાક્યરચના:**

તમે જોયું કે ક્રિયા પર જેનું નિયંત્રણ હોય, ક્રિયા કરવા પાછળ જેનો કોઈ હેતુ હોય કે ક્રિયા અંગે જેની જવાબદારી હોય તેને કર્તા કહેવાય. હવે નીચેનાં વાક્ય વાંચો.

અ) માળી ઝાડ કાપે છે.

બ) સાહેબ માળી પાસે ઝાડ કપાવે છે.

આ બે વાક્યોમાં શો તફાવત છે? વાક્ય અ) અને બ) - બન્નેમાં 'ઝાડ કાપવા'ની ક્રિયા તો માળી જ કરે છે. અર્થાત્, માત્ર 'ક્રિયા કરનાર'ના અર્થમાં જોઈએ તો બન્ને વાક્યમાં કર્તા 'માળી' જ છે, પણ કયું ઝાડ કાપવું, કયું ન કાપવું, કેટલું કાપવું - વગેરે સંદર્ભે નિયંત્રણ, હેતુ અને જવાબદારી જોઈએ તો વાક્ય અ)માં 'માળી'નાં અને વાક્ય બ)માં 'સાહેબ'નાં છે. તેથી વાક્ય અ)નો કર્તા 'માળી' અને વાક્ય બ)નો કર્તા 'સાહેબ' છે. તો વાક્ય બ)માં ખરો કર્તા કોણ? ક્રિયા કરનાર અલગ છે અને નિયંત્રણ-જવાબદારી આદિ અન્યનાં છે. આ પરિસ્થિતિમાં એમ કહી શકાય કે 'સાહેબ' ક્રિયા કરવા માટે પ્રેરનાર છે, તેથી તે પ્રેરક કર્તા છે. અને 'માળી' માત્ર ક્રિયા કરનાર છે. તેથી તે 'પ્રેરિત' કર્તા છે. પ્રેરિત કર્તાને 'પાસે, દ્વારા' જેવાં નામયોગી કે કર્મસૂચક '-ને' પ્રત્યય લાગે છે. તેથી ખરેખર ક્રિયા ન કરનાર, પરંતુ ક્રિયા પર નિયંત્રણ ધરાવનાર, ક્રિયાની જવાબદારી

ધરાવનાર પ્રેરક કર્તા મુખ્ય કર્તા ગણાય છે. આ પ્રકારની વાક્ય રચનામાં કર્તાની પ્રેરણા મુખ્ય હોય છે તેથી તેને 'પ્રેરક' વાક્યરચના કહે છે.

નોંધઃ

વાક્યરૂપાંતર વખતે પ્રેરક અથવા પ્રેરિત કોઈ પણ કર્તા ઉમેરી શકાય. જેમ કેઃ

- માળી ઝાડ કાપે છે. - કર્તરિ
- સાહેબ માળી પાસે ઝાડ કપાવે છે. - પ્રેરકરચનામાં પ્રેરક કર્તાનું ઉમેરણ.
- માળી તેના દીકરા પાસે ઝાડ કપાવે છે. - પ્રેરકરચનામાં પ્રેરિત કર્તાનું ઉમેરણ.

નીચે કેટલાંક કર્તરિ અને પ્રેરક વાક્યો આપ્યાં છે. તે ધ્યાનથી વાંચો. આમાં તમને સકર્મક અને અકર્મક બન્ને ધાતુ જોવા મળશે. બન્નેમાં પ્રેરક કર્તા ઉમેરાઈ શકે.

| **ક્રમ** | **કર્તરિ પ્રયોગ** | **પ્રેરક વાક્યરચના** |
|---|---|---|
| 1. | વિદ્યાર્થીઓએ શાળાના મેદાનમાં વૃક્ષો વાવ્યાં. | શિક્ષકે વિદ્યાર્થીઓ પાસે શાળાના મેદાનમાં વૃક્ષો વવડાવ્યાં. |
| 2. | કુસુમાયુધ સૂઈ ગયો. | માએ કુસુમાયુધને સુવડાવ્યો. |
| 3. | મમ્મીએ છૂંદાનું તપેલું તડકામાં મૂક્યું. | મમ્મીએ મારી પાસે છૂંદાનું તપેલું તડકામાં મુકાવ્યું. |
| 4. | પછી મેં દફતરમાં મારી નોટો ભરી. | પછી મેં એની પાસે જ દફતરમાં મારી નોટો ભરાવી. |
| 5. | એ સાંજે અમે બધાં ખૂબ હસ્યાં. | એ સાંજે નીલેશભાઈએ અમને બધાંને ખૂબ હસાવ્યાં. |

હવે તમે કર્તરિ, કર્મણિ, ભાવેપ્રયોગ અને પ્રેરકરચનાથી પરિચિત છો. શક્ય હોય તો તમારા પાઠ્યપુસ્તકની કૃતિ વાંચતી વખતે તમારી સામે જે વાક્યો છે તે સ્થિતિ, ક્રિયા કે પ્રક્રિયા - શું દર્શાવે છે તે જોજો. અને જો તે ક્રિયા હોય તો કર્તરિ છે કે કર્મણિ કે ભાવે પ્રયોગ છે કે પ્રેરક રચના છે - તે જોજો. તેના દ્વારા લખાણમાં કેવી સચોટતા કે સાર્થકતા ઉમેરાય છે તે જોજો.

## વાક્યરૂપાંતર

મિત્રો, કોઈ એક જ વાત વધુ સચોટતાથી વ્યક્ત કરવા માટે આપણે જુદી જુદી રીતો અપનાવતા હોઈએ છીએ. તેમાંની એક રીત છે, વાક્યરૂપાંતર. તમે અત્યાર સુધી વિવિધ વાક્યપ્રકાર ભણી ગયાં છો. ચાલો, આજે એક પ્રકારમાંથી બીજા પ્રકારમાં રૂપાંતર કરીએ.

**વિધિ-નિષેધઃ**

તમે 9મા ધોરણમાં વિધિવાક્ય અને નિષેધ વાક્ય વિશે વિગતે અભ્યાસ કર્યો છે. તમે ભણ્યા છો કે બે પ્રયોજનથી ભાષક આ વાક્યરૂપાંતર કરે છે. 1. વાક્યનો અર્થ બદલવા માટે અને 2. જુદી રીતે અભિવ્યક્તિ સાધવા માટે.

1. નકાર ઉમેરાતાં મૂળ અર્થ બદલાય :
   - ડોસા ફરીથી બોલ્યા.
   - ડોસા ફરીથી ન બોલ્યા
2. નકાર ઉમેરાય પણ મૂળ અર્થ ન બદલાય :
   - પગ વગરની વ્યક્તિ માટે પર્વતારોહણ અશક્ય ગણાય.
   - પગ વગરની વ્યક્તિ માટે પર્વતારોહણ શક્ય ન ગણાય.

મૂળ અર્થ જાળવીને નકારમાં ફેરવવાની વિવિધ રીતો :

(અ) બે વખત નકાર ઉમેરવાની :
   - 'ઘરકામ કર્યું છે'.
   - મેં ઘરકામ નથી કર્યું, એવું નથી.

(બ) વિરુદ્ધાર્થી શબ્દ સાથે નકાર ઉમેરવાની :
   - હું આ બધું જાણું છું.
   - મારાથી કશું અજાણ્યું નથી.

ચાલો, તો નીચેનાં વાક્યોનું નિષેધમાં રૂપાંતર કરો :

1. એ લોકો કદાચ રસ્તો ભૂલ્યા હશે.
2. હું એના પર કવિતા લખતો.
3. શું હું એક મામૂલી પરદેશી માટે દેવાધિદેવની પાસે જૂઠું બોલું ?

4. વીરચંદ ગાંધી થોડું જીવ્યા.

5. તમને સુરતનાં મનીષા દેસાઈ યાદ હશે !

નીચેનાં નિષેધ વાક્યોનું વિધિવાક્યમાં રૂપાંતર કરો :

1. ભણેલા લોકો પણ ખાવાપીવામાં ન ભણેલા લોકોની જેમ વર્તે છે.
2. ના પપ્પા, આજે તમે ખોટું નથી બોલતા.
3. લાકુનાનું બિરુદ મેળવવું સહેલું નથી.
4. એ નળના ફૂંફાડામાં આપણે નદીનાં ખળખળ વહેતાં જળને ભૂલી ન જઈએ તે જરૂરી છે.
5. સુશી, હું હમણાં નહીં આવી શકું.

મિત્રો, તમે કર્તરિ, કર્મણિ, ભાવે અને પ્રેરક વિશે અભ્યાસ કર્યો છે. આ વાક્યનાં રૂપાંતર કરી શકો ?

નીચેનાં વાક્યોનું કર્મણિમાં રૂપાંતર કરો :

1. જીવલો શી રીતે દેવું ભરી શકશે ?
2. રજકણથી રાજી હું, આખો પટ નહીં માંગુ.
3. આપણે આપણું હૃદય ખોલીએ ના કાંઈ.
4. ડંકર્કે હાથ લાંબા કર્યા.
5. જમાદારે ધ્રુજતે સાદે પૂછ્યું.

નીચેનાં કર્તરિ વાક્યોનું ભાવે વાક્યોમાં રૂપાંતર કરો :

1. દેવજી વધારે આકળો થઈને બોલ્યો.
2. મહંત મંચ પર ચડ્યો.
3. સુશી ટેલિફોન પાસેથી ખસી ગઈ.
4. એ માંડ બોલી શકી.
5. દીદી અહીં નહીં આવે.

નીચેનાં કર્તરિ વાક્યોનું પ્રેરક વાક્યોમાં રૂપાંતર કરો :

1. આ વખતે નવી લીધેલી છત્રી પર મેં મારું નામ, સરનામું, ફોન નંબર બધું જ લખ્યું.
2. મહંતે અગ્નિની પૂજા કરી.
3. બા બહાર પાણી આપવા આવી.
4. મામા કામ પડતું મૂકીને આવવાના સમાચાર મોકલે નૈં.
5. રીંછના હુમલામાંથી એક સુરતી કુટુંબ બચ્યું.

નીચેનાં પ્રેરક વાક્યોનું કર્તરિ વાક્યોમાં રૂપાંતર કરો :

1. આપણે રામજીભાને બચાવવા જોઈએ.
2. જમાદાર, મારા મોટા ભાઈને અને માતાને આટલો સંદેશો કહેવડાવજો.
3. જીવલાએ મોટી દીકરી પાસે ચોખા દળાવ્યા.
4. બધાં એકમેકને મીઠાઈ ખવડાવે છે.
5. મામાએ ભાણેજને ઘોડી પરથી નીચે ઉતાર્યો.

આ સ્વાધ્યાયોના <u>ઉત્તરો</u> જોવા છે ?

નીચેનાં વાક્યોનું નિષેધમાં રૂપાંતર કરો :

| | | |
|---|---|---|
| 1. | એ લોકો કદાચ રસ્તો ભૂલ્યા હશે. | એ લોકોને કદાચ રસ્તો યાદ નહીં હોય. |
| 2. | હું એના પર કવિતા લખતો નહોતો. | હું એના પર કવિતા નહોતો લખતો એવું નહોતું. |
| 3. | શું હું એક મામૂલી પરદેશી માટે દેવાધિદેવની પાસે જૂઠું બોલું ? | શું હું એક મામૂલી પરદેશી માટે દેવાધિદેવની પાસે સાચું ન બોલું ? |

| | |
|---|---|
| 4. શ્રી વીરચંદ ગાંધી થોડું જીવ્યા. | શ્રી વીરચંદ ગાંધી લાંબુ ન જીવ્યા. |
| 5. તમને સુરતનાં મનીષા દેસાઈ યાદ હશે ! | તમે સુરતનાં મનીષા દેસાઈને ભૂલ્યા નહીં હોવ ! |

નીચેનાં નિષેધ વાક્યોનું વિધિવાક્યમાં રૂપાંતર કરો :

| | |
|---|---|
| 1. ભણેલા લોકો પણ ખાવાપીવામાં ન ભણેલા લોકોની જેમ વર્તે છે. | ભણેલા લોકો પણ ખાવાપીવામાં અભણ લોકોની જેમ વર્તે છે. |
| 2. ના પપ્પા, આજે તમે ખોટું નથી બોલતા. | ના પપ્પા, આજે તમે સાચું બોલો છો. |
| 3. લાકુનાનું બિરુદ મેળવવું સહેલું નથી. | લાકુનાનું બિરુદ મેળવવું અઘરું છે. |
| 4. એ નળના ફૂંફાડામાં આપણે નદીનાં ખળખળ વહેતાં જળ ભૂલી ન જઈએ તે જરૂરી છે. | એ નળના ફૂંફાડામાં આપણને નદીનાં ખળખળ વહેતાં જળ યાદ રહે તે જરૂરી છે. |
| 5. સુશી, હું હમણાં નહીં આવી શકું. | સુશી, હું પછી આવી શકીશ. |

નીચેનાં વાક્યોનું કર્મણિમાં રૂપાંતર કરો :

| | |
|---|---|
| 1. જીવલો શી રીતે દેવું ભરી શકશે ? | જીવલાથી શી રીતે દેવું ભરાશે ? |
| 2. રજકણથી રાજી હું, આખો પટ નહીં માંગું. | રજકણથી રાજી હું, આખો પટ નહીં મંગાય. |
| 3. આપણે આપણું હૃદય ખોલીએ ના કાંઈ. | આપણાથી આપણું હૃદય ખોલાય ના કાંઈ. |
| 4. ડંકર્કે હાથ લાંબા કર્યા. | ડંકર્કથી હાથ લાંબા કરાયા. |
| 5. જમાદારે ધ્રુજતે સાદે પૂછ્યું. | જમાદારથી ધ્રુજતે સાદે પૂછાયું. |

નીચેનાં કર્તરિ વાક્યોનું ભાવે વાક્યોમાં રૂપાંતર કરો :

| | |
|---|---|
| 1. દેવજી વધારે આકળો થઈને બોલ્યો. | દેવજીથી વધારે આકળા થઈને બોલાઈ ગયું. |
| 2. મહંત મંચ પર ચડ્યો. | મહંતથી મંચ પર ચડાયું. |
| 3. સુશી ટેલિફોન પાસેથી ખસી ગઈ. | સુશીથી ટેલિફોન પાસેથી ખસી જવાયું. |
| 4. એ માંડ બોલી શકી. | એનાથી માંડ બોલી શકાયું. |
| 5. દીદી અહીં નહીં આવે. | દીદીથી અહીં નહીં અવાય. |

નીચેનાં કર્તરિ વાક્યોનું પ્રેરક વાક્યોમાં રૂપાંતર કરો :

| | |
|---|---|
| 1. આ વખતે નવી લીધેલી છત્રી પર મેં મારું નામ, સરનામું, ફોનનંબર બધું જ લખ્યું. | આ વખતે નવી લીધેલી છત્રી પર મેં મારું નામ સરનામું, ફોનનંબર બધું જ લખાવ્યું. |
| 2. મહંતે અગ્નિની પૂજા કરી. | મહંતે લોકો પાસે અગ્નિની પૂજા કરાવી. |
| 3. બા બહાર પાણી આપવા આવી. | બાએ બહેનને બહાર પાણી આપવા મોકલી. |
| 4. મામા કામ પડતું મૂકીને આવવાના સમાચાર મોકલે નૈં. | મામા કામ પડતું મૂકીને આવવાના સમાચાર મોકલાવે નૈં. |
| 5. રીંછના હુમલામાંથી એક સુરતી કુટુંબ બચ્યું. | મનીષા દીદીએ રીંછના હુમલામાંથી એક સુરતી કુટુંબને બચાવ્યું. |

નીચેનાં પ્રેરક વાક્યોનું કર્તરિ વાક્યોમાં રૂપાંતર કરો :

| | |
|---|---|
| 1. આપણે રામજીભાને બચાવવા જોઈએ. | રામજીભાએ બચવું જોઈએ. |
| 2. જમાદાર, મારા મોટા ભાઈને અને માતાને આટલો સંદેશો કહેવડાવજો. | જમાદાર, મારા મોટા ભાઈને અને માતાને આટલો સંદેશો કહેજો. |
| 3. જીવલાએ મોટી દીકરી પાસે ચોખા દળાવ્યા. | જીવલાની મોટી દીકરીએ ચોખા દળ્યા. |
| 4. બધાં એકમેકને મીઠાઈ ખવડાવે છે. | બધાં મીઠાઈ ખાય છે. |
| 5. મામાએ ભાણેજને ઘોડી પરથી નીચે ઉતાર્યો. | ભાણેજ ઘોડી પરથી નીચે ઉતર્યો. |

તમારા જવાબો સાથે તપાસ્યું ? હવે, આ વાક્યરૂપાંતર તમને સમજાઈ ગયું હશે.

•

# 13 વતનથી વિદાય થતાં



**જયંત પાઠક**

**(જન્મ: 20-10-1920, અવસાનઃ 01-03-2003)**

જયંત હિંમતલાલ પાઠકનો જન્મ ગોઠ (જિ.પંચમહાલ)માં થયો હતો. તેમણે દાહોદ અને સુરતની કૉલેજમાં અધ્યાપક તરીકે કામગીરી કરી હતી. 'મર્મર', 'સંકેત', 'વિસ્મય', 'મૃગયા', 'અનુનય' વગેરે તેમના કવિતાસંગ્રહો છે 'ક્ષણોમાં જીવું છું' તેમની સમગ્ર કવિતાનો ગ્રંથ છે.

'વનાંચલ' તેમની નોંધપાત્ર સ્મરણકથા છે. 'આધુનિક કવિતા પ્રવાહ', 'આલોક','ભાવયિત્રી','કિમપિ દ્રવ્યમ્' એમના વિવેચન ગ્રંથો છે. તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સાહિત્ય અકાદમી, દિલ્હીના ઍવોર્ડ પ્રાપ્ત થયા છે.

વર્ષો પછી વતનમાં ગયેલા કાવ્યનાયકને વતનથી વિદાય થવાનું હોય છે ત્યારે અનુભવાતી પીડા આ સૉનેટમાં વ્યક્ત થઈ છે. ઘણાં વર્ષો પછી જે વન-જન, ખેતર-કોતર, ડુંગર-નદી મળ્યાં હતાં એમને છોડવાની ક્ષણ આવી ગઈ છે. જેમ ઢોર વેચાઈ ગયા પછી પોતાના મૂળ ઘરને ઝંખતું હોય એમ કવિ પોતાના મૂળ પરિવેશને ઝંખ્યા કરે છે. પગ ઉપડતા નથી. જેમ વહી ગયેલું પાણી પાછું આવતું નથી એમ વહી ગયેલો સમય પણ પાછો આવતો નથી. એક કૂતરો પણ થોડી વાર પાછળ પાછળ આવીને એની હદ પૂરી થતાં પાછો વળી જાય છે એ સ્વાભાવિકતાભર્યું આલેખન થયું છે. અંતે કાવ્યનાયકને ભ્રમ થાય છે કે જેમ બાળક રિસાય અને એની મા એને પાછું બોલાવતી હોય એમ મને મારી મા બોલાવે છે. પણ આ માત્ર ભ્રમ છે, હકીકત નહિ. આમ વતનવિચ્છેદને કારણે અનુભવાતી કરુણતાને ખૂબ સુન્દર રીતે કવિએ આ સૉનેટમાં મૂકી આપી છે.

---

એ મૂક્યું વન, એ મૂક્યાં જન, ઘણે વર્ષે મળ્યાં જે ક્ષણ,
મૂક્યાં ડુંગર ને નદી, વતનનાં એ કોતરો, ખેતર;
આંખો બે રહી ભાળતી વળી વળી પાછી, ભીડ્યું એ ઘર
વેચાઈ ગયું ઢોર જેમ તલખે કોઢાર, છોડ્યું ધણ.

કેડી આગળ જાય, પાય અવળા, કેમે કરી ઊપડે;
આંખો જાય ભરાઈ વાટ તરુની કાંટાળી ડાળી નડે;
હૈયું ઉઝરડાય રક્તટશિયા ફૂટે ધીમેથી ઝમે
આઘે વેકુરથી નદીની હજીયે આ આંગળીઓ રમે.

ચાલો જીવ, જવાનું આગળ, નહીં આ કાળના વ્હેણમાં
પાછા ઉપરવાસ શક્ય વહવું, પાણી લૂછો નેણનાં;
ભારો લૈ ભૂતનો શિરે વણપૂછ્યે શા વેઠિયા ચાલવું
સાથે શ્વાન, પૂરી થતાં હદ હવે એનેય પાછા જવું.

આઘે ખેતર જોઉં બે કર કરી ઊંચા મને વારતી-
એ મારી ભ્રમણા ? રિસાળ શિશુને બોલાવતી બા હતી !!

**('અંતરીક્ષ'માંથી)**

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**કોઢાર**-ઢોરને બાંધવાની જગા; **કેડી**-સાંકડો પગરસ્તો, પગદંડી; **પાય**-પગ; **તરુ**-ઝાડ; **વેકુર**-નદીની કાંકરાવાળી જાડી રેતી; **ઉપરવાસ**-પવન કે પાણીના વહનની વિરુદ્ધ દિશા; **ભૂત**-ભૂતકાળ, થઈ ગયેલું; **વેઠિયા**-વગર મહેનતાણાથી કામ કરનાર

### તળપદા શબ્દો

**ભાળવું**-જોવું; **તલખવું**-તલસવું, તડપવું; **ભીડવું**-બંધ કરવું; **આઘે**-દૂર; **લૈ**-લઈ

### શબ્દસમૂહ માટે એક શબ્દ

**ગાયોનો સમૂહ**-ગોધણ

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) કવિને શાની ભ્રમણા થાય છે?

(A) બે હાથ ઊંચા કરી બોલાવતી માતાની (B) શહેરની ગીચ વસ્તીની

(C) પોતાની પત્નીની (D) પુત્રની

(2) વતનથી વિદાય થતાં કવિ અનુભવે છે....

(A) શહેરી દુનિયાની મજા મસ્તી (B) ઉલ્લાસ અને આનંદ

(C) વતન પ્રત્યેનો તિરસ્કાર (D) વતન માટેનો તલસાટ

**2. નીચેના પ્રશ્નનો એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) વતનથી વિદાય થતાં કવિ શેનાથી દૂર થઈ રહ્યા છે ?

**3. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) કવિના પગ આગળ જવા માંડ માંડ ઊપડે છે કારણ કે...

**4. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં ઉત્તર આપો :**

(1) વતનથી વિદાય થતા કવિની વેદના તમારા શબ્દોમાં વર્ણવો.

(2) કાવ્યપંક્તિ સમજાવો.

આઘે ખેતર જોઉં બે કર કરી ઊંચાં મને વારતી -
એ મારી ભ્રમણા ? રિસાળ શિશુને બોલાવતી બા હતી !!

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- વર્ગખંડમાં સમૂહમાં આ કાવ્યનું ભાવવાહી પઠન કરો.
- 'મારાં બાળપણનાં સંસ્મરણો' - વિશે નિબંધ લખો.
- 'વનાંચલ' સ્મરણકથા મેળવીને તેનો તમને ગમતો અંશ સંમેલનમાં કે વર્ગખંડમાં વાંચી સંભળાવો.

## ભાષા-અભિવ્યક્તિ

- વતનથી વિદાય થતાં કવિ અનેક પ્રિય સંબંધોને, વસ્તુઓને છોડીને જાય છે, છતાં કવિ કાવ્યની શરૂઆતમાં જ લખે છે...

  'એ મૂક્યું વન, એ મૂક્યાં જન... મૂક્યાં ડુંગર ને નદી' બધું છોડી દીધું એમ સૂચવવા કવિએ 'મૂક્યું', 'મૂક્યાં' ક્રિયાપદો વાપર્યાં છે, જે વિશેષ અર્થમાં વપરાયાં છે તે નોંધો.

- ભાવની સમૃદ્ધિ વધારવા કવિએ ઉપમા અને રૂપક જેવા અલંકાર યોજ્યા છે તે જુઓ...' નહીં આ કાળના વહેણમાં પાછા ઉપરવાસ શક્ય વહવું' (રૂપક), 'વેચાઈ ગયું ઢોર જેમ તલખે કોઢાર'(દૃષ્ટાંત), 'વણપૂછ્યે શા વેઠિયા ચાલવું' (ઉપમા).

- કવિ વતનની માયા સહજ રીતે છોડી શકતા નથી. આ વિહ્વળતા અસરકારક રીતે 'વળી વળી' (વળી શબ્દના પુનરાવર્તન) દ્વારા સૂચવાઈ છે. જુઓ...

  'આંખો બે રહી ભાળતી, વળી વળી પાછી.'

## શિક્ષકની ભૂમિકા


ગામડાં પડી ભાંગ્યાં છે અને શહેરો બેફામ વિક્સી રહ્યાં છે તેવી સ્થિતિમાં કવિને વતન છોડતાં જે વેદના અનુભવાય છે તેની ચર્ચા કરવી.

પોતાના વતનનાં ઢોર-ઢાંખર, ઘર, વાડો, ખેતર, નદી, પર્વતો, કોતરો વગેરે આત્મીય સ્વજન જેવાં બની ગયાં છે પણ મન મક્કમ કરીને તે બધું છોડે છે. શહેરમાં ઉદ્દેશ વિનાનું મજબૂરીનું જીવન જીવવા વતન છોડનાર પોતાનો વિકાસ થતો હોવાનું સમજે છે તે કટાક્ષને પણ સ્પષ્ટ કરવો.

અંતિમ બે પંક્તિમાં ખેતરમાં બે હાથ ઊંચા કરી બોલાવતી પોતાની અને વતનની ધરતી મા દેખાય છે તે ભ્રમણા હશે? ભાવપલટો સૂચવતી આ પંક્તિમાં વતન ઝુરાપાની વેદનાની પરાકાષ્ઠા વ્યક્ત થઈ છે તે સમજાવવું.

•

# 14 જન્મોત્સવ



**સુરેશ જોષી**

**(જન્મ: 30-05-1921, અવસાન: 03-09-1986)**

સુરેશ હરિપ્રસાદ જોષીનો જન્મ સુરત જિલ્લાના બારડોલી તાલુકાના વાલોડ ગામમાં થયો હતો. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ભાષાભવનના અધ્યક્ષ તરીકે સેવાનિવૃત્ત થઇ જીવનના અંત સુધી વડોદરામાં જ વસ્યા. 'મરણોત્તર' અને 'છિન્નપત્ર' તેમની નોંધપાત્ર નવલકથાઓ છે. 'ગૃહપ્રવેશ' તેમનો નોંધપાત્ર વાર્તાસંગ્રહ છે. 'જનાન્તિકે', 'ઇદમસર્વમ', 'ઇતિ મે મતિ' જેવા સંવેદનાસભર નિબંધસંગ્રહો છે. 'કિંચિત્', 'ચિંતયામિ મનસા', 'અષ્ટમોધ્યાય' જેવા વિવેચનગ્રંથો આપ્યા છે. તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' તથા ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને દિલ્હીના એવોર્ડ પ્રાપ્ત થયા છે.

'ગૃહપ્રવેશ' વાર્તાસંગ્રહમાંથી લેવામાં આવેલી આ વાર્તામાં સમયના એક જ બિંદુ પર બે પરિસ્થિતિનું સમાંતર આલેખન થયું છે. જેમાં અસિતના ટૅકનોલૉજીના જ્ઞાનના કારણે થતો કૃષ્ણજન્મ, એની સાથે ભળેલું લોકોનું કુતૂહલ અને આનંદનો પ્રસંગ છે. જ્યારે કિસનનો જન્મ કાનજી માટે આનંદનો અવસર નથી. અહીં કૃષ્ણના જન્મની પરિસ્થિતિ હળવી શૈલીમાં રજૂ થઈ છે તો કિસનના જન્મની પરિસ્થિતિ અત્યંત કરુણતાથી રજૂ થઇ છે. વાર્તાના અંતે કાનજી પોતાના દીકરાના પગ તોડાવીને જીવનભર ભીખ દ્વારા રૂપિયા કમાવાનો રસ્તો કરી દે છે. માણેકની લાચારી અને દુઃખ વધારે પીડાદાયક છે. એક માને એના બાળકનું મુખ પણ બતાવ્યા વગર જીવનભર અપંગ બનાવી દેવા માટે મોકલી આપવામાં આવે છે. આમ, જન્મની બે પરિસ્થિતિને એક સાથે બતાવીને વાસ્તવિક્તાને અત્યંત કરુણ રીતે આલેખાઈ છે.

---

ઘડિયાળમાં સાડા અગિયાર થયા હતા. હવે અર્ધા કલાકની જ વાર હતી. લાલ કિનખાબના પડદાની પાછળ કૃષ્ણજન્મની બધી જ તૈયારીઓ થઈ ચૂકી હતી. વૃન્દાવનદાસનો મોટો દીકરો અસિત અમેરિકા જઈને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગનું ખાસ શિક્ષણ પ્રાપ્ત કરી આવ્યો હતો. એણે બધાંને આશ્ચર્યમાં ગરકાવ કરી નાંખે એવી તરકીબ રચી હતી. કારાગૃહમાં કૃષ્ણનો જન્મ, વર્ષા, વસુદેવનું કૃષ્ણને લઈને જમુના ઓળંગીને ગોકુળ જવું, આ બધું વીજળીની કરામતથી તાદૃશ બનતું એ બતાવવાનો હતો. આથી બધાં આતુર હતાં. લાલ કિનખાબનો પડદો ક્યારે ખૂલે તેની રાહ જોઈ રહ્યાં હતાં.

સ્ટેશનની ઘડિયાળમાં સાડા અગિયારનો ટકોરો હમણાં જ પડ્યો હતો. જનતા એક્સપ્રેસમાં ઊતરેલા પેસેન્જરોને લઈને બસ શહેર ભણી ઊપડી ચૂકી હતી. બસ-સ્ટૅન્ડ સૂમસામ હતું. પાસેની ખુલ્લી જગ્યામાં ફાટીતૂટી ગુણપાટ ને કેરોસીનના કાટ ખાયેલા પતરાનું છાપરું કરીને ત્રણ-ચાર કુટુંબ આશ્રય લઈ રહ્યાં હતાં. એમાંના એક 'ઝૂંપડા'માં ફગફગિયો દીવો ટમટમતો હતો. કોઈ સ્ત્રીના કણસવાનો અવાજ એ નિઃસ્તબ્ધતામાં સંભળાતો હતો. પણ એ ઝૂંપડાની વસતિએ એના પર ધ્યાન આપ્યું હોય એમ લાગતું નહોતું. ત્યાં અર્ધા ઊંઘમાં અને અર્ધા જાગતા - એવી અવસ્થામાં કોઈ બોલતું સંભળાયું - 'એલા કાનજી, માણકી કણસે છે, જરા જઈને જો તો ખરો!'

બીજાએ પણ એવા જ અવાજે જવાબ આપ્યો, 'એમાં હું જોવા જાવું'તું. વખત થિયો લાગે છે.'

અંધારે ખૂણેથી કોઈ ડોસી ખોખરા કર્કશ અવાજે બબડી, 'માણકીય જબરી ને એના પેટમાંનું છોકરું ય જબરું માળું! ટંકણખાર દીધો તોય કાંઈ નો વળ્યું. હવે કાંઈ આવનારને પાછું ઠેલાય? કર કાંઈ બાપલા! છૂટકો છે?' ઘડિયાળનો કાંટો આગળ વધતો હતો. માણેક કરાંજતી હતી, આકાશને કદીક વીજળી વીંધી જતી હતી. ભારે કડાકો થતો હતો ને ભારે વરસાદ માથે ઝઝૂમી રહ્યો હતો.

ઘડિયાળનો કાંટો આગળ વધતો હતો. ઉપરના ઓરડામાં વિશાખા અને ધનંજય ટોળા વચ્ચેથી સરી જઈને

વાર્તાલાપ કરી રહ્યાં હતાં. તેમનેય એમ લાગ્યું કે હવે તો નીચે જવું જ પડશે. વૃન્દાવનદાસ અને એમની મંડળી બેઠકમાં ભાગવતનું શ્રવણ કરતી હતી તે પણ હવે વખત થવા આવ્યો જાણી ઠાકોરજીના ઓરડા તરફ આવવાની તૈયારીમાં હતી. મધુસૂદન અને એની મિત્રમંડળી બ્રિજનાં બે રબર પૂરાં કરીને અસિતની કરામત જોવા યથાસ્થાને ગોઠવાઈ જઈને ટોળટપ્પાં હાંકી રહી હતી. અસિત સાવ નિશ્ચિંત બનીને એક બાજુએ રીટા જોડે વાત કરતાં કરતાં હસી હસીને બેવડ વળી જતો હતો. ત્યાં શણિયું પહેરીને મુખિયાજી આવ્યા. નિજમંદિરમાં જઈને છેલ્લી તૈયારીમાં એ પરોવાઈ ગયા. કૃષ્ણજન્મનું મુહૂર્ત નિકટ ને નિકટ આવતું ગયું. ભીંત પરના ઇલેક્ટ્રિક ઘડિયાળનો મોટો તથા નાનો કાંટો એક બીજાની નજીક આવવા લાગ્યા.

સ્ટેશનના ઘડિયાળના કાંટા પણ એકબીજાની નજીક આવતા જતા હતાં. માથા પર ઝઝૂમી રહેલાં વાદળ તૂટી પડ્યાં હતાં. વરસાદની ઝડી વીંઝાવા લાગી હતી. બસ-સ્ટૅન્ડ પાસેનાં છાપરાં ઊંડું ઊંડું થઈ રહ્યાં હતાં. સૂસવાતા પવનના અવાજમાં હમણાં જ સ્ટેશનને ગજાવી મૂકીને આવેલા ગુજરાત મેલના અવાજમાં માણેકના કરાંજવાનો અવાજ સ્પષ્ટ સંભળાતો ન હતો. પેસેન્જરોને કારણે બસ-સ્ટૅન્ડ વળી થોડી વારને માટે જાગતું થયું, પળવારમાં એ લીલા સમેટાઈ ગઈ. ધીમે ધીમે નિઃસ્તબ્ધતા છવાઈ ગઈ. વરસાદ એકધારો પડવા મંડ્યો. એકાએક ફગફગિયો દીવો બુઝાઈ ગયો ને નિઃસ્તબ્ધતાને વીંધીને નવા જન્મેલા બાળકનું રુદન ગાજી ઊઠ્યું.

ઘડિયાળના બે કાંટા ભેગા થતાં સાથે જ કિનખાબનો લાલ પડદો સરરર કરતોકને સરી ગયો. આકાશમાંથી તેજનો પુંજ અવતરતો હોય તેમ ઝબકારો થયો. દેવકીના ખોળામાં બાળકને રૂપે એ તેજ પુંજ ઝૂલવા લાગ્યો. કારાગૃહના અંધકારમાં એ તેજપુંજ અજવાળું પાથરતો હતો. ઘડીક બહારનો ઝબકારો અંદર ડોકિયું કરી જતો હતો. એકાએક કાંસા, ઝાલર, મંજીરા ને શંખનો તુમુલ ધ્વનિ થયો. બહાર બેઠેલા રામદીન શરણાઈવાળાએ પ્રભાત નો'તું થયું છતાં બિભાસના સૂર છેડ્યા. પ્રેક્ષકો ઊભાં થયાં. કૃષ્ણજન્મના રંજન કાર્યક્રમનું એક પર્વ પૂરું થયું.

ઝૂંપડાની દુનિયા સળવળી ઊઠી હતી. જન્મ થઈ ચૂક્યો હતો. જુદા જુદા અવાજો સંભળાતા હતા - 'દેવજી હું કહું છું ઇમ કર! ઇમાં કાનજીનું કામ નંઇ.'

'પણ ઇ વેલજી ડોહાની આ ઘડીએ કુણ ભાળ કાઢે ? લો તારે અમને કહો છો તિ તમે જ જાવને મારા ભઈ ?'

બીજો જરાક ધીમો અવાજ સંભળાયો, 'એલા એ ગમાર, જરા ધીમો બોલતો જા, માણકી હાંભળહે ને તો બચાડી દુઃખી થાહે.' જેને ઉદ્દેશીને આ કહેવામાં આવ્યું તે કટાક્ષમાં બોલ્યો. 'દખી તો થઈ જ છે ને, નહીં તો મેઘલી રાતે ભીંજાતી આપણા ભેગી હોત કાંઇ ? હોનાના હિંડાળે ઝૂલતી ના હોત ?'

એના જવાબમાં કોઈ બોલ્યું. 'અરે ભઈલા, ઝાઝી લપ મેલો ને, હાલો મારી હારે, પરતાપગંજમાં જતાં પેલું નાળું નથી ભાળ્યું લ્યા, ત્યાં ઓલ્યાં છાપરાં દીઠાં કની ? ત્યાં જાવાનું છે.'

એના જવાબમાં કોઈ બોલ્યું, 'ના ભઈલા. ઇ આપણું કામ નંઈ આ પાણી પડે છે ઈ તો જુઓ ! ઘૂંટણસમાં પાણી ના હોય તો મને કેજો.'

બીજો વધારે આકળો થઈને બોલ્યો 'લ્યા મેલને ઈ ને પડતો ! હાલ કાનજી, લઈ લે છોરાને, લે હું મોર થાઉં છું.' બાળકના રુદનનો અવાજ બહાર આવ્યો. કાદવ ખૂંદતાં ચાર પગલાંનો ડબડબ અવાજ એ રુદનમાં ભળી ગયો. વરસાદ વરસતો રહ્યો, પવન વીંઝાતો રહ્યો. ઘડિયાળના કાંટા છૂટા પડ્યા. છૂટા પડીને આગળ વધવા લાગ્યા.

ઘડિયાળ તરફ હવે કોઈની નજર નો'તી, અસિતની માયાવી સૃષ્ટિને બધા સ્તબ્ધ બનીને જોઈ રહ્યાં હતાં. સામે મુખિયાજીએ રચેલો અન્નકૂટ હતો. એમાં પણ રંગોની યોજના ભારે ચાતુરીપૂર્વક કરી હતી. હવે વસુદેવ કૃષ્ણને લઈને ગોકુળ જવાની તૈયારીમાં હતા. દેવકી કેમે કરી માનતી નો'તી, હાથ હલાવીને કરગરતી હતી. પશ્ચાદ્ભૂમાં શરણાઈનો કરુણ સૂર ઘૂમી રહ્યો હતો. અસિતની તરકીબથી હવે ગાઢ વર્ષાનું દૃશ્ય આબેહૂબ રજૂ થયું હતું. આખરે વસુદેવે કૃષ્ણને હાથમાં લીધાં, છાબમાં જાળવીને મૂક્યા, અંગૂઠો ધાવતા, વટપત્રમાં સૂતેલા ભગવાનના મોઢા પર ભુવનમોહન હાસ્ય હતું. વસુદેવ આગળ ચાલ્યા.

કાનજી ને દેવજી આગળ ચાલ્યા. ઘૂંટણસમાં પાણીને ડહોળતા આગળ ચાલ્યા, બાળકના રુદનનો ભાર ઊંચકીને આગળ ચાલ્યા. માણેકના કરુણ ચિત્કારે એમનો પીછો પકડ્યો તો ય આગળ ચાલ્યા; ઘૂંટણસમા પાણીને ખૂંદતા કાનજીને દેવજી આગળ ચાલ્યા; માણેકની ચીસ એમની પાછળ દોડતી દોડતી આગળ ચાલી, ઘડિયાળના કાંટા એક બીજાથી છૂટા પડીને આગળ ચાલ્યા.

વસુદેવ વરસતા વરસાદમાં જમનાજીને કાંઠે આવ્યા. નદી તો બંને કાંઠે છલકાય ! અસિતે ભારે કરામત કરી હતી. દીવા બધા બુઝાઈ ગયા હતા. તેજપુંજ જેવા કૃષ્ણ ભગવાનને વચ્ચે વચ્ચે ઝબકી જતી વીજળી સિવાય બીજું કશું હવે દેખાતું નહોતું, ઘડીભર તો આ કરામત છે તેય બધાં ભૂલી ગયાં. જયવતી શેઠાણી તો હાથ જોડીને ભક્તિભાવથી ઊભાં જ રહી ગયાં. વસુદેવે જમનાનાં પાણીમાં પ્રવેશ કર્યો ન કર્યો ત્યાં એકદમ પાણીને ડહોળતો સરરર કરતોકને અવાજ આવ્યો. બધાં ઘડીભર ચમકી ગયાં. કૃષ્ણ ભગવાનને માથે નાગે છાયા કરી. ભક્તોએ હાથ જોડ્યા, બીજાં કુતૂહલથી વિસ્ફારિત નેત્રે જોઈ રહ્યાં, ને વસુદેવ આગળ વધતા રહ્યા.

'વેલજી ડોહા ! છો કે ?'

'કુણ સે ?'

ઘોઘરા અવાજે દમિયલ ડોસાએ ઉધરસનો ઠણકો ખાતાં ખાતાં જવાબ વાળ્યો, 'ઈ તો હું ને કાનજી, ઝટ આવો ભા, આ છોરો લાવ્યા છિયેં, જરા એના ટાંટિયા વાળી લો ને !'

ડોસો બોલ્યો, 'હાવ બેઠો રિયે ઈમ કરવું સે કે પછી લાકડીને ટેકે હાલીને ભીખ માંગે ઈમ કરવું છે ?'

કાનજી બોલ્યો, 'હાવ પાંગળો ના કરતા દાદા; અક્કરમીએ મધરાતે આંઈ જનમ લીધો, નકર...' એનો અવાજ ગળગળો થઈ ગયો.

દેવજીએ કહ્યું. 'હાલ હવે, ગાંડા કાઢ્ય મા, છોરો આયવો છે તો રોટલાની જોગવાઈ કરવી કે નંઈ ? તું તો એને ભણાવી ગણાવીને લાટસાહેબ બનાવવાનો હતો, નંઈ ?'

'દેવા, છોરો તો છે હાવ કિસન ભગવાન જેવો, આખરે છોરો તો માણકીનો ને !' એમ કહેતાંકને વરસોના અનુભવી હાથોએ પળવારમાં બાળકના ઘૂંટણને મરડીને ટાચકા ફોડી નાંખ્યા. બાળકની ચીસ હવાને વીંધી ગઈ.

દેવજી બોલ્યો, 'કાલ્ય હવારે રૂપિયો દઈ જાશું. લે, હાલ્ય લ્યા' કાનજી, હવે તારો છોરો ભૂખે નંઈ મરે !' પાણીમાં પડતાં પગલાંનો ડબ ડબ અવાજ સંભળાયો. એ પગલાંને બાળકના રુદનનો ભાર જાણે ઘૂમરીઓ ખાઈને વળગતો હતો, ભીંસતો હતો, ને એ પગલાં ડબ ડબ અવાજ કરતાં આગળ વધી રહ્યાં હતાં.

ભગવાન ગોકુળ પહોંચ્યા, ગોકુળમાં ઉત્સવ મચ્યો. જશોદા મૈયાએ કૃષ્ણકુંવરને શણગાર્યા. નજર ન લાગે માટે ગાલે મેંશનું ટપકું કર્યું. ગોકુળ આખું ટોળે વળ્યું. ગોપબાળના આનંદરવથી વનરાજી ગાજી ઊઠી. પંચાજીરી વહેંચાઈ, શરણાઈએ લલિત રાગ છેડ્યો, અસિત ખેલ પૂરો કરીને બહાર આવ્યો. બધાં એને વીંટળાઈ વળીને શાબાશી આપવા લાગ્યાં. બ્રિજની મંડળી ફરી જામી, વિશાખા અને ધનંજય ફરીથી અધૂરી પ્રણયગોષ્ઠિને પૂરી કરવા ઉપલા માળે બધાંની નજર સરકાવી ચઢી ગયાં. વૃંદાવનદાસની મંડળીનું ભાગવત પારાયણ આગળ ચાલ્યું. જયાવતી શેઠાણીએ હાલરડું ઉપાડ્યું.

'જાગો નન્દકે લાલ, ભોર ભયી'

માણેકની ચીસે પાછા ફરેલા કાનજી અને દેવજીને વધાવ્યા. 'મને ઈનું એક વાર મોઢું તો દેખવા દેવું' તું ! લાવો મારે ખોળે, લાવો મારા કુંવરને...'

દેવજીએ કહ્યું. 'ગાંડી થા મા માણકી, તારા નંદકુંવરને કોઈ ચોરી નથી ગયું, લે, આ તારો છોરો.' કાનજીની સામે ચિત્ર ખડું થયું. ધખતી બપોરે માણેકની સાથે એ પતરાની નાનકડી ગાડીમાં પાંગળા કિસનને શહેરના રસ્તા વચ્ચે થઈને ખેંચી રહ્યો છે, પોતે આંધળો છે, દીકરો પાંગળો છે, દુનિયા દેખતી છે, ભગવાન કૃપાળુ છે. મોંમાં ધાન છે, દુનિયા પર વૈકુંઠ છે. ભગવાન ગોકુળથી પધારીને મથુરાના રાજા થયા છે, બધાં સુખી છે.

માના ખોળામાં બેસીને માતાની અશ્રુધારામાં નહાતો કિસન જાણે કે પિતાની આંખ સમક્ષ તરવરી ઊઠતા ભાવિના દર્શનને જોતો હોય એમ એકાએક હસી પડ્યો, પણ મેઘલી રાતના એ અંધારામાં માણેકને એ હાસ્ય દેખાયું નહીં.

**('ગૃહપ્રવેશ'માંથી)**

## શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**કિનખાબ**-જરીબુટ્ટાના વણાટનું એક જાતનું કાપડ; **તરકીબ**-યુક્તિ; **સૂમસામ**-એકદમ શાંત; **આશ્રય**-આશરો; **ફગફગિયો દીવો**-જેની જ્યોત હાલકડોલક થતી હોય તેવો દીવો; **કણસવું**-દુઃખને લીધે ઊંહકારા કરવા; **તુમુલ**-દારુણ, ભયાનક; **પ્રભાત**-સવાર; **લિબાસ**-પોશાક, પહેરવેશ; **પર્વ**-તહેવાર, ઉત્સવ; **કરામત**-કારીગરી; **ભોર**-પરોઢિયું; **અક્કરમી**-અભાગિયું

### તળપદા શબ્દો

**થિયો**-થયો; **ભઈ**-ભાઈ; **નો**-ના; **બચાડી**-બિચારી; **નોં'તુ**-ન હતું, નહોતું; **મેલો**-મૂકો; **ડોહા**-ડોસા; **મોરે**-મોખરે, આગળ; **ભાળ**-પત્તો, ખબર; **આઈ**-અહીં; **ઈમાં**-એમાં; **કાઢ્ય**-કાઢ; **હાંભળહે**-સાંભળશે; **કુણ**-કોણ; **હોનાના**-સોનાના; **દખી**-દુઃખી; **ભાળ્યું**-જોયું; **હારે**-સાથે; **કાલ્ય**-કાલ; **હાવ**-સાવ

### વિરુદ્ધાર્થી શબ્દો

**સવાર**×સાંજ; **આનંદ**×શોક

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) લાલ કિનખાબનો પડદો ક્યારે ખૂલે તેની લોકો રાહ જોઇ રહ્યા હતા કારણ કે...

(A) વીજળીની કરામતથી કૃષ્ણજન્મનું દૃશ્ય ઊભું થવાનું હતું.

(B) માણકી બાળકને જન્મ આપવાની હતી.

(C) કિનખાબનો પડદો ખરેખર લીલા રંગનો હતો.

(D) નાટક રજૂ થઇ રહ્યું હતું.

(2) આ પાઠમાં લેખક શું કહેવા માગે છે ?

(A) લેખક કશું જ કહેવા માગતા નથી.

(B) કૃષ્ણજન્મનું મહત્ત્વ સમજાવવા માગે છે.

(C) સમાજની જુદી જુદી બે પરિસ્થિતિનું ચિત્ર રજૂ કરવા માગે છે.

(D) પૈસાદાર લોકો જ પુણ્યશાળી છે.

**2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) હાવ બેઠો રિયે ઇમ કરવું સે કે પછી લાકડીના ટેકે હાલીને ભીખ માંગે ઇમ કરવું છે ? - આ વાક્ય કોણ બોલે છે ?

(2) ફગફગિયો દીવો બુઝાઇ જવાની સાથે બીજી કઇ ઘટના બની ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) અસિતે કૃષ્ણજન્મની કઇ તરકીબ રચી હતી તે જણાવો.

(2) કાનજી અને દેવજી બાળકને લઇને ક્યાં જતા હતા ? શા માટે ?

**4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો :**

(1) નિજમંદિરમાં ઊભું કરેલું કૃષ્ણજન્મોત્સવનું દૃશ્ય વર્ણવો.

(2) નવજાત બાળકની કરુણતાને તમારા શબ્દોમાં આલેખો.

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- ગરીબી અને અગવડમાં જીવતા લોકોની મુલાકાત લઈને તેની હકીકત વર્ગખંડમાં કે શાળા સંમેલનમાં રજૂ કરો.
- તમારા જન્મોત્સવની ઉજવણી અનાથાશ્રમમાં કે ફૂટપાથ ઉપર રહેતાં બાળકોની સાથે કરો.
- તમારા ગામમાં ઉજવાયેલા જન્માષ્ટમીના તહેવાર ઉપર અહેવાલ લખો.

## ભાષા-અભિવ્યક્તિ

- બે વિરોધાભાસ ધરાવતી કથાઓને સમાંતરે વર્ણવી વિશિષ્ટ રીતે આ વાર્તાનું આલેખન લેખકે કર્યું છે. લેખકે 'ફાટીતૂટી ગુણપાટ', 'કાટ ખાયેલા પતરાનું છાપરું', 'ઝૂંપડાં' અને 'ફગફગિયો દીવો' - જેવા ઓછા શબ્દોથી ગરીબાઈનું તાદૃશ વર્ણન કરી દીધું છે તે ધ્યાનમાં લો.
- ''કાનજી ને દેવજી આગળ ચાલ્યા. ઘૂટણસમાં પાણી ડહોળતા આગળ ચાલ્યા, બાળકના રુદનનો ભાર ઊંચકીને આગળ ચાલ્યા...''

  આ ગદ્યખંડમાં લેખકે 'આગળ ચાલ્યા' ક્રિયાપદનું વારંવાર સહેતુક પુનરાવર્તન કર્યું છે. નવજાત બાળકને પગ વાળવા માટે લઈ જતા કાનજી અને દેવજીને રોકનારાં અનેક પરિબળો છે પરંતુ એ બધાની અવગણના કરીને તેઓ ચાલ્યા જાય છે એમ સૂચવવા લેખકે 'આગળ ચાલ્યા' શબ્દોનું વારંવાર પુનરાવર્તન કર્યું છે.

## શિક્ષકની ભૂમિકા

મનુષ્યો ઉત્સવપ્રિય છે. આપણે ત્યાં અનેક ઉત્સવો જુદા જુદા હેતુથી ઉજવાય છે, ધાર્મિક્તા, પરંપરા, દેખાદેખી, ભક્તિ-આરાધના માટે, કોઈક નિહિત સ્વાર્થ માટે તો મોટે ભાગે આનંદ માટે ઉત્સવો ઉજવાતા હોય છે. ઉત્સવ વિશેની સાચી સમજ કેળવાય તે વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

પ્રસ્તુત વાર્તામાં બે દશ્યો એક સાથે દર્શાવાયાં છે. એક કૃષ્ણજન્મનું અને બીજું ભિખારીને ત્યાં જન્મતા બાળકનું. બંને જન્મોત્સવની સરખામણી અંતિમ છેડાની છે. કૃષ્ણને જળ, નાગ, નંદ સૌ થકી રક્ષણ મળે છે જ્યારે ભિખારી કાનજીને ત્યાં જન્મેલા સાજા બાળકને જન્મતાંની સાથે જ મજબૂરીને કારણે અપંગ બનાવી દેવામાં આવે છે જેથી તેને ભીખ મળી રહે. આ વિરોધાભાસ વ્યક્ત કરી આપણા સમાજમાં ધનિક અને ગરીબના જે ભેદ છે તે ઉપર લેખકે કરેલો કટાક્ષ સ્પષ્ટ કરવો. ધનિક-ગરીબની ખાઈ પૂરવા શું કરી શકાય તેની વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી. વિદ્યાર્થીઓ ગરીબ કે ધનિકના ભેદ ન કરે તેમ કરવું.

•

# 15 બોલીએ ના કાંઈ



રાજેન્દ્ર શાહ
(જન્મઃ 28-1-1913, અવસાનઃ 10-1-2010)

રાજેન્દ્ર કેશવલાલ શાહ કપડવંજના વતની હતા. 'ધ્વનિ', 'આંદોલન', 'ઉદ્દગીતિ', 'શાંત કોલાહલ', 'મધ્યમા', 'વિષાદનો સાદ', વગેરે તેમના કાવ્યસંગ્રહો છે. 'મોરપીંછ', 'આંબે આવ્યા મોર' જેવા બાળકાવ્યના સંગ્રહો છે. એમણે કેટલાંક પદ્ય રૂપકો, એકાંકીઓ, વાર્તાઓ અને અનુવાદો પણ આપ્યા છે. 'ધ્વનિ' કાવ્યસંગ્રહ માટે તેમને 'જ્ઞાનપીઠ' પુરસ્કાર મળ્યો હતો. તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક', ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને દિલ્હીના એવોર્ડ પ્રાપ્ત થયેલા હતા.

આ ગીતમાં આપણી વ્યથા એ બીજાને મન રસની કથા હોઈ શકે, એટલે વ્યથાને સહન કરવી અને કોઈને ફરિયાદ ન કરવી એ આ ગીતનો ભાવ સૌંદર્યરાગી રીતે આલેખ્યો છે. માણસો વિનાના મારગ પર આપણે આપણા જ શબ્દો ગાતાં ચાલવાનું છે. કોઈ ગામ આવે, અનેક લોકોને મળીએ છતાં આપણે તો એકલા જ ચાલવાનું છે, ભલેને સરસ તારા મઢી રાત હોય કે રણનો તડકો હોય, આપણી વ્યથાને આપણે જ સહન કરવાની છે. મનમાં ભલે દુઃખોનો અગ્નિ હોય પણ બહારથી તો શીતળતા જ રાખવાની છે. સરળ બાનીમાં લખાયેલું આ ગીત જીવનની એક હકારાત્મક બાજુને રજૂ કરે છે.

---

બોલીએ ના કાંઈ,

આપણું હૃદય ખોલીએ ના કંઈ, વેણને રહેવું ચૂપ;

નેણ ભરીને જોઈ લે વીરા !

વ્હેણનાં પાણી ઝીલનારું તે સાગર છે વા કૂપ !

વનવેરાને મારગ વિજન,

સીમ જ્યાં સૂની ગુંજતી કેવળ આપણું ગાયું ગાન ;

ગામને આરે હોય બહુ જન,

લખનો મેળો મળિયો રે ત્યાં કોણને કોની તાન ?

માનમાં જવું એકલ, વીરા !

તારલિયો અંધાર કે ઓઢી રણનો દારુણ ધૂપ !

આપણી વ્યથા,

અવરને મન રસની કથા, ઈતર ના કંઈ તથા.

જીરવી એને જાણીએ, વીરા !

પ્રાણમાં જલન હોય ને તોયે ધારીએ શીતલ રૂપ !

('શ્રુતિ'માંથી)

## શબ્દ-સમૂજતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**વેણ**-વચન, બોલ; **વીરા**-ભાઈ (બેન ભાઈને વીરો કહે છે); **નેણ**-નયન, નેત્ર, લોચન; **વા**-વાયુ, પવન; **કૂપ**-કૂવો; **વ્યથા**-શારીરિક તેમજ માનસિક દુઃખ, પીડા; **ઈતર**-બીજું, અન્ય; **તારલિયો અંધાર**-માત્ર તારાનો જ પ્રકાશ ધરાવતો હોય તેવો અંધકાર; **વિજન**-માણસની અવરજવર વિનાનું, વેરાન; **આરે**-છેડે (અહીં)પાદરે; **દારુણ**-ભયાનક, વિકરાળ; **ધૂપ**-તડકો; **અવર**-બીજું; **લખનો મેળો**-લાખો માણસોનો સમૂહ (અહીં)ટોળું

### વિરુદ્ધાર્થી શબ્દો

**શીતળ**×ઉષ્ણ; **જલન**×ઠંડક; **ધૂપ**×છાયા; **અંધારું**×અજવાળું

### સ્વાધ્યાય

1. **નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) કવિ શું કરવાનું કહે છે ?

(A) બોલવાની ના પાડે છે (B) બોલવાનું કહે છે

(C) મૂંગા રહેવાની ના પાડે છે (D) બોલવું પણ ધીમે ધીમે

(2) હૃદય ખોલવું એટલે ?

(A) બીજાની વાત સાંભળવી (B) ઓપરેશન કરાવવું

(C) કશુ જ બોલવું નહીં (D) પોતાના દિલની વાત બીજાને કહેવી

2. **એક - એક વાક્યમાં ઉત્તર આપો.**

(1) બીજા લોકો શામાંથી આનંદ મેળવે છે ?

(2) વહેણના પાણીને કોણ ઝીલે છે ?

3. **નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો.**

(1) કવિ આપણી વ્યથામાંથી કેવી રીતે રસ્તો કાઢવાનું કહે છે ?

4. **નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો.**

(1) 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ માણસને શો જીવનબોધ આપે છે ?

(2) કાવ્યપંક્તિ સમજાવો - ''પ્રાણમાં જલન હોય ને તોયે ધારીએ શીતલ રૂપ !''

### ભાષા-અભિવ્યક્તિ

- દરેક કવિ ભાવની અભિવ્યક્તિ માટે કાવ્ય સ્વરૂપ, ભાષા, શબ્દો દ્વારા કાવ્યની જે આંતરગૂંથણી કરે છે તેનો પણ અભ્યાસ કરવા જેવો હોય છે.

  'બોલીએ ના કાંઈ, આપણું હૃદય ખોલીએ ના કાંઈ' જેવી ગદ્યાંશની છાંટવાળી સાદી પંક્તિઓથી આ કાવ્ય ઊઘડે છે; અને પછી ચૂપ-કૂપ, વિજન-જન, ગાન-તાન, વ્યથા-તથા જેવા પ્રાસસભર શબ્દોથી હલકી-ફૂલકી કાવ્યમાળા ગૂંથાતી જાય છે.

- કવિ આ કાવ્યમાળામાં પ્રશ્નો પણ ગૂંથતા ગયા છે. જુઓ....

  ‘વહેણનાં પાણી ઝીલનારું તે સાગર છે વા કૂપ !’

  ‘લખનો મેળો મળિયો રે ત્યાં કોણને કોની તાન ?’

- અહીં પ્રશ્નો સાથે જવાબો પણ વણી લેવાયા જ છે. આ રીતે કાવ્યનો વિકાસ થતો ગયો છે. આ શૈલી કાવ્યમાં વારંવાર યોજાય છે તે અન્ય કાવ્યોમાં પણ પારખો.
- કવિની કમાલ ઓછા અને સરળ શબ્દોથી અમૂલ્ય બોધ આપવામાં છે. જુઓ... કવિ ‘છ’ જ શબ્દોમાં કેવું સત્ય વર્ણવી જાય છે...

  ‘‘આપણી વ્યથા, અવરને મન, રસની કથા.’’

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- જ્ઞાનપીઠ પુરસ્કૃત ગુજરાતી સાહિત્યકારોના ફોટોગ્રાફ સાથે પરિચય આપી ભીંતપત્ર બનાવો.
- રાજેન્દ્ર શાહનાં અન્ય ગીતો વર્ગખંડમાં ગાઈ સંભળાવો.

## શિક્ષકની ભૂમિકા

વીરા ! સંબોધનથી લખાયેલું આ કાવ્ય પોતાના દુઃખને બીજાને ન કહેવાની શીખ આપે છે.

આ કાવ્યમાં કવિ સૂની સીમ અને કૂવાનાં ઉદાહરણો આપી તેમની જેમ મૌન રહેવા સૂચવે છે. લાખોના ટોળામાં તમારું રુદન કોણ સાંભળશે ? એ કરતાં ચૂપ રહેવું સારું અને પોતાના પ્રશ્નો પોતાની જાતે જ, પોતાની રીતે ઉકેલવા જણાવે છે તેની સમજણ આપવી.

‘તું જ તારો દીવો થાને’ (ભોગીલાલ ગાંધી) તેમ જ

‘એકલો જાને રે..’ (રવીન્દ્રનાથ ટાગોર) જેવાં કાવ્યોના સંદર્ભો આપી કાવ્યના ભાવને પ્રગટ કરવો.

‘આપણા દુઃખની વાત બીજાને કહેવાથી તેમને માટે તે રસની વાર્તા બનશે. તેનાથી વિશેષ કાંઈ નહિ’ આ વિચાર અંગે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

●

# 16 ગતિભંગ



**મોહનલાલ પટેલ**

**(જન્મ: 30-04-1927)**

મોહનલાલ બાભઈદાસ પટેલનું વતન ઉત્તર ગુજરાતનું પાટણ છે. વર્ષો સુધી શિક્ષણકાર્ય કર્યા બાદ હાલ નિવૃત્ત જીવન ગાળે છે. 'પ્રત્યાલંબન', 'ઝાકળમાં સૂરજ ઊગે' એમની લઘુકથાઓના સંગ્રહો છે. 'બંધન', 'ડેડ એન્ડ', 'હાસ્યમર્મર', 'લાંછન' તેમની નવલકથાઓ છે. 'ગુડ મોર્નિંગ અમેરિકા', એમનો પ્રવાસગ્રંથ છે. 'મોપાંસાની શ્રેષ્ઠ વાર્તાઓ' એમનું અનુવાદનું પુસ્તક છે.

કથાસાહિત્યનું લઘુ સ્વરૂપ એટલે લઘુકથા. નવલકથામાં નાયક કે નાયિકાના સમગ્ર જીવનનું વર્ણન હોય છે, જ્યારે ટૂંકીવાર્તામાં નાયક કે નાયિકાના જીવનનો એક મહત્ત્વનો પ્રસંગ કેન્દ્રમાં હોય છે. લઘુકથામાં માનવજીવનની એક ક્ષણનો મહિમા છે, જે અત્યંત લાઘવથી અંતે ચોટ આપી જાય છે. 'ગતિભંગ' લઘુકથાની શરૂઆતમાં ગાડી પકડવા ઉતાવળે પગલે જતા ડુંગર અને એની પત્નીનું ચિત્ર છે. પત્ની વારેવારે પાછળ ફરીને કશુંક શોધી રહી છે. વાર્તાને અંતે કરુણતાસભર ચોટ છે. માતાને ચાલતાં ચાલતાં પોતાની પાછળ મૃત્યુ પામેલી દીકરીનાં પગલાંની છાપ દેખાય છે. અહીં માત્ર ચાલવાની ગતિનો જ ભંગ નથી પણ પાત્રોના વિચારોની ગતિનો પણ ભંગ છે.

---

રાજપુર સ્ટેશને ગાડી પકડવા ડુંગર અને એની વહુ ઊભા માર્ગે ઝડપભેર જઈ રહ્યાં હતાં. પત્નીનો પાછળ પાછળ આવવાનો અણસાર મોળો પડી જતાં ડુંગરે પાછળ જોયું. પત્ની રસ્તા ઉપર નજર ફેરવતી ધીમી પડી રહી હતી. 'શું ખોળે છે ?'

'કાંઈ નહિ' પત્નીએ જવાબ આપ્યો ને ઝડપથી પગ ઉપાડવા પ્રયત્ન કર્યો. થોડાં ડગલાં ચાલ્યા પછી વળી એનો વેગ મંદ પડી ગયો.

'આમ ગાંડાની માફક અડવડિયાં શું ખાય છે ?' ડુંગર ગુસ્સે થયો : 'દિવસ આથમવા આવ્યો; આમ કર્યા કરીશ તો રસ્તામાં જ અંધારું થઈ જશે, કાં તો !'

પત્ની થોડાં ડગલાં આગળ ચાલી ખરી; પણ પછી તો એ બેસી પડી.

પાછો ફરીને ડુંગર પાસે આવ્યો : 'તેં આજ ધાર્યું છે શું ? ગાડી ચૂકી જઈશું તો નહિ ઘરનાં કે નહિ ઘાટનાં એવી દશા થશે. રાત કાઢીશું ક્યાં ?' પત્ની કશું જ બોલી નહિ. ભાવાર્દ્ર બનીને એ તો નજરની પીંછીને ધૂળ ઉપર પસવારી રહી હતી. 'જોયું?' એ બોલી.

'શું ? મને તો કંઈ દેખાતું નથી !'

પત્ની આંગળીનો છેડો છેક જમીન પાસે લઈ ગઈ. એક ઘાટીલી પગલીની છાપ એ બતાવી રહી હતી : 'આપણી બબલીની જ પગલી જાણે ! હું તો ક્યારની ય આ પગલીઓ જોયા જ કરતી આવું છું... બરોબર એ જ પગલું... આંગળાંની બોર જેવી જ છાપ...'

'ગાંડી, એવાં પગલાં તો ઘણાંય હોય. લે ચાલ, મોડું થશે.' બાળકનાં પગલાંની છાપ જોઈ, મૃત સંતાનની સ્મૃતિથી હાલી ઊઠેલી, ડગી ગયેલી પત્ની પ્રત્યે સહાનુભૂતિનો બોલ પતિએ કાઢ્યો.

પત્ની બેસી જ રહી. એ બોલી : 'ખેતરે જતાં અને આવતાં આગળ આગળ દોડી જતી બબલીની પગલીઓ મારે હૈયે જડાઈ ગઈ છે. આ એ જ પગલી...' પગલીના બીબામાં પત્નીની નજર ઢળી હતી.

ડુંગર એક વાર પત્નીના મુખ સામે જોઈ રહ્યો. અને પછી પોતાની નજર ગગનના કોઈ માર્ગ તરફ વાળી લીધી. બંને જણ સ્થિર થઈ ગયાં.

લાકડીના ટેકે ગગન તરફ મોં કરીને ઊભા રહી ગયેલા પતિને જોઈને પત્ની સાવધ બની ગઈ. એણે કહ્યું : 'લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ...ગાડી ચૂકી જઈશું.'

અને બંને જણે વળી બમણા વેગથી ચાલવા માંડ્યું.

**('વિકલ્પ'માંથી)**

### શબ્દ-સમજૂતી

### શબ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**અણસાર**-ઈશારો, સંકેત; **આથમવું**-અસ્ત પામવું, પડતી દશામાં આવવું; **વેગ**-ગતિ, ઝડપ; **ભાવાર્દ્ર**-ભાવવિભોર, ભાવથી માયાળુ; **દશા**-સ્થિતિ, હાલત; **સાવધ**-હોશિયાર, ખબરદાર; **સ્મૃતિ**-સંસ્મરણો, યાદગીરી; **અડવડિયું**-અડબડિયું, લથડિયું

### તળપદા શબ્દો

**હેંડો**-ચાલો

### કહેવત

**નહીં ઘરના કે નહીં ઘાટના**-ન આ બાજુના કે ન તે બાજુના

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) 'આપણી બબલીની જ પગલી જાણે !' આ વાક્ય કોણે બોલે છે ?

(A) સ્ટેશન માસ્તર (B) ડુંગર

(C) ડુંગરની પત્ની (D) પતિ

(2) ડુંગર અને તેની વહુ કયા સ્ટેશને ગાડી પકડવા માગતાં હતાં ?

(A) રાજપુર (B) વરતેજ

(C) ધોરાજી (D) ગાંધીધામ

**2. એક - એક વાક્યમાં ઉત્તર આપો.**

(1) ધૂળમાં પગલી જોઈને ડુંગરની પત્નીને કોણ યાદ આવ્યું ?

(2) ડુંગરે પોતાની નજર ક્યાં સ્થિર કરી ?

**3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો.**

(1) ડુંગરની પત્ની અચાનક અટકીને ઊભી રહી ગઈ, કારણ કે ?

(2) ''લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ, ગાડી ચૂકી જઈશું.'' તેમ ડુંગરની પત્નીએ શા માટે કહયું ?